થીઓસોફીકલ કુસુમમાળા
કુસુમ ૧

મહાત્મા અથવા જીવન્મુક્ત

લેખક

હરજીવન કાલીદાસ મહેતા.

જાન્યુઆરી ૧૯૧૫

શ્રીકૃષ્ણલૉજ, થીઓસોફીકલ સોસાઇટી,
કાવેલસ્ટ્રીટ, કાલબાદેવી, મુંબઇ.

પ્રસ્તાવના.

થીઓસોફીકલ સોસાઇટીમાં ભ્રાતૃભાવ સિવાય કોઇપણ બાબત ફરજીયાત નથી. દરેક સભાસદ્ પોતાના અભ્યાસ અને માન્યતાને માટે તદ્દન સ્વતંત્ર છે. એકની માન્યતા તે આખી સોસાઇટીની માન્યતા નથી. જેમ જેમ માણસ નિષ્પક્ષપાત બુદ્ધિથી થીઓસોફી (પરાવિદ્યા) નાં પુસ્તકોનો અભ્યાસ કરેછે અને તે પ્રમાણે નીતિમય જીવન ગુજારવા પ્રયત્ન કરેછે તેમ તેમ તેની જ્ઞાનદૃષ્ટિની મર્યાદા વધતી જાયછે. જ્યારે તે કુદરતના નિયમો, જેવા કે વિકાસક્રમ, (Law of Evolution) કર્મ, પુનર્જન્મનો અભ્યાસ કરેછે ત્યારે તેને દુનીયાના ઘણા પ્રશ્નોના ખુલાસા થઇ જાયછે અને દુનીયાના ધર્મોમાં માત્ર વિશ્વાસ ઉપર માની લીધેલી કેટલીક બાબતો તેને પોતાને અનુભવ-સિદ્ધ થાયછે. આમ થતાં તે પોતાના અનુભવનો હિસ્સો પોતાના મનુષ્ય બંધુઓને આપવા પ્રયત્ન કરેછે. આવા પ્રયત્નમાં તે કોઇ વખત લોકોની ટીકાને પાત્ર પણ થાયછે. પરંતુ જો તેને પોતાના જ્ઞાનની ખાત્રી હોયછે તો તેને તેથી કંઈ દુઃખ થતું નથી પણ પોતે પોતાનું કાર્ય નિડરપણે કર્યાં કરેછે.


આ લેખ, લેખકના પોતાના યથાશક્તિ અભ્યાસનું પરિણામ છે. લેખની જવાબદારી તેની પોતાની છે, થીઓસોફીકલ સોસાઇટીની અથવા બીજા કોઇ સભાસદની નથી તેમ કોઇપણ સભાસદ્ આ લેખ માની લેવા પણ બંધાયેલો નથી.

લેખમાં આવતાં મહાત્માપુરૂષોનાં નામ, તેઓને લગતી હકીકત, તથા લેખના કેટલાક વિચારો હિંદહિતેચ્છિની ભગવતી મીસીસ બીસેન્ટના "Masters" (મહાત્માઓ) એ નામના લેખ પરથી લીધા છે. તેથી આ લેખને તેમના લેખનો ગુજરાતીમાં અનુલેખજ ગણેલો છે. તેમના લેખના ઉપયોગને માટે લેખક, ભગવતી મીસીસ બીસેન્ટનો આભારી છે.

હરજીવન કાલીદાસ મહેતા.

"મહાત્મા એટલે શું તે સમજાવનારૂં પત્ર"

આકાશ	સત્યલોક		આત્મા	મહાત્મા
વાયુ	તપલોક / જનલોક		બુદ્ધિ	આનંદાત્મા
અગ્નિ	મહલોક	સન્મન		વિજ્ઞાનાત્મા
	સ્વર્ગલોક	અસન્મન		જ્ઞાનાત્મા
આપ (પાણી)	ભુવર્લોક		કામ (વાસના)	કામાત્મા
પૃથ્વી	ભૂર્લોક		પ્રાણ	પ્રાણાત્મા
			સ્થૂલશરીર	દેહાત્મા



સર્વ ધર્મના પોષક, રક્ષક, અને શિક્ષક

મહાત્મામંડળને ચરણે

ભક્તિપુરઃસર

અર્પણ.

"મહાત્મા અથવા જીવન્મુક્ત"

(મીસીસ એની બીસેંટના એક લેખને આધારે)

થીઓસોફીને લગતા સઘળા પ્રશ્નો કરતાં "મહાત્મા"ને લગતો પ્રશ્ન લોકોમાં વધારે જીજ્ઞાસાની લાગણી ઉત્પન્ન કરેછે. મહાત્મા એટલે શું ? મહાત્માઓ કોણ છે ? તેઓ ક્યાં રહેછે ? તેઓ શું કરેછે ? આવા ઘણા પ્રશ્નો વારંવાર પૂછવામાં આવેછે. આ પ્રશ્નોનો આપણે અત્રે સહેજસાજ જવાબ આપવા યત્ન કરીશું.

મહાત્મા એટલે શું ?

જે જીવાત્મા માનુષી પ્રગટી કરણના શીખરે પહોંચ્યો છે, જેણે માનુષી તત્ત્વોને પૂર્ણ રીતે ખીલવ્યાં છે, જેણે આપણા બ્રહ્માંડનો સઘળો અનુભવ મેળવ્યો છે હવે જેને આ બ્રહ્માંડમાં જાણવાનું કંઈ બાકી રહ્યું નથી, જેણે જીવન્મુક્ત અવસ્થા પ્રાપ્ત કરી છે, એવા જીવાત્માને થીઓસોફીક સાહીત્યમાં "મહાત્મા" કહેવામા આવેછે.

પ્રગટીકરણનો નિયમ કે જે પ્રકૃતિનો પરાજય અને પુરૂષતત્ત્વ-ચૈતન્યનો જય સૂચવેછે, અને જે ચૈતન્ય શક્તિનો પ્રાદુર્ભાવ રફતે રફતે વધતો જાયછે એમ શીખવેછે તેજ નીયમ "મહાત્મા" પદના પ્રશ્નનો ખુલાસો કરેછે તેજ નીયમ પ્રમાણે મહાત્માનું અસ્તિત્વ સિધ્ધ થાયછે. આ પદે દરેક મનુષ્ય જાતીના જીવને પહોંચવાનું છે. પરંતુ આ પદ કાંઇ એકજ જીંદગીમાં પ્રાપ્ત થતું નથી. ભગવાન્ શ્રીકૃષ્ણ કહેછે કેઃ—

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवःसर्वमिति स महात्मा सुदुर्लभः ॥

ઘણા જન્મોને અન્તે–ઘણા જન્મો સૂધી જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી–જ્ઞાનવાન્ પુરૂષ મને પામેછે. આ આખુ જગત્ વાસુદેવ રૂપ છે—પરમાત્મા રૂપ છે, એવું જેને ભાન થયું છે એવા મહાત્માનાં દર્શન તો ઘણાજ દુર્લભ છે.

જન્મજન્માંતરનો અનુભવ એકઠો થયા પછી અને શરીરના સઘળા તત્વોને પૂરે પૂરી રીતે ખીલવ્યા પછીજ એ પદે પહોંચાયછે.

પ્રાચીન આર્યશાસ્ત્રો તથા હાલનું વિજ્ઞાન શાસ્ત્ર આપણને શીખવે છે કે ચૈતન્ય શક્તિ અજીવસત્વમાં થઇ, ખનીજ પદાર્થમાંથી પોતાની વિકાસક્રમની મુસાફરી શરૂ કરેછે. લાખો વર્ષ સુધી જુદા જુદા ખનીજ પદાર્થોનો અનુભવ લઈ તે વનસ્પતિ વર્ગમાં પ્રવેશ કરેછે. ત્યાં આગળ ખનીજના કરતાં પોતાનું ચેતન સ્વરૂપ વધારે જણાવેછે. આ બીજા વર્ગમાં પણ લાખો વર્ષ સુધી અનુભવ લીધા પછી તે પશુ વર્ગમાં દાખલ થાયછે. પશુ વર્ગમાં લાખો વરસ સુધી જુદી જુદી યોનિમાં જ્ઞાન મેળવ્યા પછી તે મનુષ્ય દેહમાં આવેછે. ગમે તે પશુમાંથી, જીવ, મનુષ્યદેહમાં આવી શકતો નથી. પરંતુ ઘોડા, હાથી, વાંદરાં, કુતરાં, બીલાડાં, વિગેરે મનશક્તિ ધરાવનારા પશુમાંથીજ આવી શકેછે, અને તે જીવ આનંદ ચિત્ અને સત્ શક્તિના જે સ્વભાવથી મનુષ્યત્વ પ્રાપ્ત કરેછે તે સ્વભાવ તેનામાં દૃઢ થાયછે, અને મનુષ્ય જાતિમાં પણ તે તેજ માર્ગનો પ્રવાસી બનેછે. દાખલા તરીકે એક ઘોડાને તેનો માલીક ઘણી સારી રીતે રાખેછે, તેના તરફ ઘણોજ પ્રેમ રાખેછે. તેના બદલામાં તે ઘોડો હમેશાં પોતાના માલીકની સાથે રહેવા તથા તેના જેવો થવા ઇચ્છેછે, અને તે ઘોડો પછી પોતાના માલીકની કંઈ સેવા કરતાં મરણ પામેછે તો તે ભવિષ્યનો કર્મમાર્ગી મનુષ્ય થાયછે, અને જો તેજ માલીકના તરફ પ્રેમભાવ બતાવતાં દેહ છોડેછે તો તે ભવિષ્યનો ભક્તિમાર્ગી થાયછે, અને જો તે માલીકના મનનો અભ્યાસ કરતાં તેની ઈચ્છાઓ જાણવાના પ્રયત્નમાં મૃત્યુ પામે તો તે જ્ઞાનમાર્ગી જીવ થાયછે. આનેજ લીધે આપણી મનુષ્ય જાતીમાં આ ત્રણ મુખ્ય સ્વભાવના જીવો માલુમ પડેછે અને પોતાનો મુખ્ય સ્વભાવ, મુખ્ય માર્ગ છોડી બીજો માર્ગ પકડી શકતા નથી, તેમજ બીજા માર્ગની ખરી મહત્તા સમજી શકતા નથી, પણ પોતાના માર્ગનો બધાને ઉપદેશ કરતા ફરેછે.

મનુષ્યજાતિથી નીચેની જાતિનો ઉન્નતિ ક્રમ "survival of the fittest." "ઉત્તમનો ઉત્કર્ષ" એ નિયમથીજ થાયછે, અને

મનુષ્યજાતિમાં જીવ આવ્યા પછી તેનો વિકાસક્રમ "Law of sacrifice" "સ્વાત્માર્પણના નિયમથી" થાયછે. આ પ્રમાણે ચૈતન્ય શક્તિ અજીવસત્વ અથવા ખનીજ પદાર્થ કરતાં પણ નીચેની સ્થિતિમાંથી ખનીજ, વનસ્પતિ, પશુ એમ એકેક વર્ગનો અનુભવ લેતાં લેતાં કરોડો વર્ષને અંતે મનુષ્યવર્ગમાં આવેછે. એટલાજ માટે મનુષ્યત્વ પ્રાપ્ત કરવું ઘણું કઠીન છે એમ શ્રીશંકરાચાર્ય કહે છે. **"जन्तुनां नरजन्म दुर्लभम्"**

જીવ મનુષ્યદેહમાં આવવાની સાથે એકદમ સુધરેલો માણસ થઇ જતો નથી પણ પ્રથમ જંગલી સ્થિતિમાં હોયછે, જ્યારે તેનો અહંભાવ માત્ર સ્થૂલદેહમાંજ હોયછે. સ્થૂલદેહને ખાતર પોતાનાં સ્ત્રીછોકરાંને પણ તે આરોગી જાયછે, આવી સ્થિતિમાં તે "દેહાત્માના" ધોરણમા હોયછે, આવી સ્થિતિમાં થોડા જન્મો કાઢ્યા પછી આહીર વર્ગ–ભરવાડ અને મજુર વર્ગની સ્થિતિમાં કેટલાક જન્મો લેછે. જ્યાં તે "પ્રાણાત્મા" કહેવાયછે. પછી દુનિયાના વિષયોના વધારે સંબંધમાં આવતાં તે વિષયો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરેછે, પૈસાદાર થવા મથે છે, ત્યારે તે "કામાત્મા" કહેવાયછે, તેનો અહંભાવ દેહ અને પ્રાણને છોડી વાસનામાં પ્રવેશ કરેછે. પછી તે પ્રાપ્ત કરેલા, પૈસાને કીર્તિને ખાતર જનસમાજના હિતાર્થે ખર્ચેછે. આવી સ્થિતિમાં કેટલાક જન્મો કાઢ્યા પછી નીતિમાન્ થવા ઇચ્છેછે, ત્યારે તે કામાત્માની સ્થિતિમાંથી "જ્ઞાનાત્મા" થાયછે, આવે વખતે તે પોતાનું મનતત્વ ખીલવે છે અને સત્ય અસત્યનો વિચાર કરવા શક્તિમાન્ થાયછે. નીતિનો વિચાર કરતાં પોતે પોતાને, દેહ, વાસના, અને વિચારથી જુદો હોય તેમ અનુભવેછે. પોતે આ ત્રણ તત્વનો સાક્ષી બને છે.

આ સ્થિતિએ પહોંચતાં વે પોતાને દેહ નહીં સમજતાં અંતરાત્મા સમજે છે, અને પોતાના અંતરાત્માનો સાક્ષાત્કાર થતાં, તેને બીજા મનુષ્યના અંતરાત્માનો સાક્ષાત્કાર થાયછે. આ સ્થિતિએ પહોંચતાં

તે સ્ત્રી, અથવા પુરૂષ, વૃદ્ધ અથવા બાળક, હિંદુ અથવા મુસલમાન, પારસી અથવા અંગ્રેજ, કોઈપણ શરીર જોતાં તે બહારનો ભેદ જોતો નથી પણ અંદરનો અંતરાત્માજ જુવેછે.

તે શરીરોમાં પણ પોતાની માફક અંતરાત્મા બહારના શરીરથી ભીન્ન છે એમ સમજેછે, અને પછી સઘળા બહારના રૂપ, રંગ, જાતિ, વર્ણના ભેદનો ત્યાગ કરી આખી મનુષ્યજાતિ તરફ પ્રેમ રાખવા પ્રયત્ન કરેછે. સઘળા જીવોને પોતાના બંધુસમ ગણેછે. અત્યારે તે "વિજ્ઞાનાત્મા" કહેવાયછે. આ પ્રમાણે મનુષ્યજાતિની જુદી જુદી સ્થિતિમાં કેટલાક જન્મો લેતાં લેતાં તે વિકાસક્રમમાં આગળ વધેછે. તેનો સઘળા જીવો તરફનો પ્રેમ, ભક્તિમાં બદલાઇ જાય છે. ને વિજ્ઞાનાત્માની સ્થિતિએ પહોંચેલો જીવ "આનંદાત્મા"ની પદ્વિ ધારણ કરેછે. અહીંયા તે સઘળા ભૂતપ્રાણીઓને પરમાત્માના અવતારરૂપ માની સઘળાની બનતી સેવા કરવાનો પ્રયત્ન કરેછે, અને જગત્ પોતાને ખાતર નથી પણ પોતે જગત્‌ને ખાતર છે એમ નક્કી થતાં જીવસેવાને ઇશ્વરસેવા સમજેછે. તે જીવસેવા કરતાં ખમવી પડતી હરકત, અને હાડમારીમાંજ પોતાનો આનંદ માની લેછે; આવી સ્થિતિનો અનુભવ લેતાં તેને સમજાયછે કે આખું જગત્ પરમાત્મારૂપજ છે, તેનીજ શક્તિથી ચાલેછે, તે પરમાત્મા સર્વત્ર, સર્વજ્ઞ, અને સર્વ શક્તિમાન્ છે, માટે એટલા વખત સુધી જેને હું અને 'મારી શક્તિ' કહેતો હતો તે પણ તેજ પરમાત્મા અને તેનીજ શક્તિ હતાં. આવુ જ્ઞાન થતાં તે 'આ આખું વિશ્વ બ્રહ્મરૂપ છે.' 'પરમાત્મા સિવાય બીજી કાંઇ હસ્તિ છેજ નહીં,' અને 'પરમાત્મા એકજ છે.' વિગેરે અર્થનાં મહાવાકયો સમજેછે, અનુભવેછે, અને તે રૂપ બની જાય છે. આ સ્થિતિને "મહાત્મા" એવું નામ આપવામાં આવેછે. ઘણા જન્મજન્માંતરને અંતે આ સ્થિતિ પ્રાપ્ત થાયછે, અને મનુષ્યજાતિના વિકાસક્રમની છેલ્લી ટોચે પહોંચાયછે. આ સ્થિતિએ પહોંચવું એ આપણી જીંદગીનો હેતુ છે, અને ત્યાં આપણો ઉત્ક્રાન્તિક્રમ આપણને ધીમે ધીમે લઇ

જાયછે. દુનીયાનાં સ્ત્રી પુરૂષ એવી બે જાતીઓ, ખંડો, દેશો, જુદા જુદા ધર્મો, પંથો, મતો, પુનર્જન્મ અને કર્મના નિયમો વીગેરે આ ઉત્ક્રાન્તિક્રમનાં સાધનો છે, અને તે સાધનોથી જીવ આગળ વધેછે. આ દુનીયા કરોડો વર્ષથી ચાલુ છે. તેમાં જેમ આપણે આપણી સાધારણ મનુષ્યજાતી કે જે કામાત્મા અને જ્ઞાનાત્માની સ્થિતિમાં છે, વાસના અને મનતત્વો ખીલવી રહી છે, તેની નીચેની સ્થિતિઓ, સમજી કે જોઈ શકીએછીએ તેમ ઉપરની સ્થિતિઓ જોઇ શકતા નથી કારણકે ઉપરનો જીવ નીચેની સ્થિતિ સમજી શકે છે, નીચેનો જીવ ઉપરની સ્થિતિ જાણી શકતો નથી. પરંતુ તેથી ઉંચી સ્થિતિના જીવો દુનીયામાં નજ હોય એમ કાંઇ સિદ્ધ થતું નથી. આગળ જોયેલી સઘળી સ્થિતિના જીવો દુનીયાના કોઈને કોઇ ભાગમાં હોયછે અને હોવાજ જોઇએ કારણકે વિજ્ઞાનાત્મા, આનંદાત્મા, અને મહાત્મા એ સ્થિતિઓ પણ વિકાસક્રમનુંજ પરિણામ છે, અને જેમ એક ઝાડ કુદરતની પેદાશ છે તેમ મહાત્મા પણ કુદરતનીજ પેદાશ છે,અને જમાનાથી ચાલતા આવતા ઉન્નતિ-ક્રમનુંજ ફળ છે.

જીવ નીચેના વર્ગોનો અનુભવ લઇ તદ્દન જંગલી હાલતમાંથી જન્મજન્માન્તરનો અનુભવ લેતાં લેતાં પોતાના દેહથી મહત્ પર્યંત સઘળા તત્વો ખીલવેછે, તેને “મહાત્મા” એવી સંજ્ઞા આપ-વામાં આવેછે. આવા પુરૂષરત્નોને થીઓસોફીસ્ટો “મહાત્માઓ” કહેછે. ઉન્નતિનો નિયમ (Law of evolution) એજ મહા-ત્મપદની ખાત્રી રૂપ છે. આ નિયમ મુજબ દેહ-પ્રકૃતિ સૂક્ષ્મ અને સૂક્ષ્મતર થતી જાયછે, જ્યારે આત્માની શક્તિ હમેશાં વધારેને વધારે વિકસતી જાયછે એ પ્રમાણે હજારો જન્મો પછી સઘળા શરીરો-સ્થૂલ, સૂક્ષ્મ, કારણ–તદ્દન વિશુદ્ધ થઇ આત્માના હથીયાર ભૂત થાયછે અને આત્મા ભૂર્લોક–સ્થૂળ લોકથી સત્યલોક પર્યંત પોતાનું સામ્રાજ્ય મેળવેછે. આ પદ દરેક મનુષ્યને માટે નિર્માણ થયેલું છે. આપણે અત્રે એક અને બીજા માણુસ વચ્ચે જે તફાવત

જોઈએછીએ, સાધુ અને ખુની, ચોર અને શાહુકાર, પંડીત અને મૂર્ખ, પરોપકારી અને સ્વાર્થી, સદ્દગુણ-શીરોમણી અને દુર્ગુણી વચ્ચે જે અંતર નજરે પડેછે તે માત્ર ઉન્નતિની સીઢીના પગથીયાંજ છે અને તે સીઢીની ટોચ ઉપર જે આત્મા પહોંચેલો છે તેજ મહાત્મા, પૂર્ણ પુરૂષ, પેયગંબર છે. આવા પુરૂષમાં પરમારોગ્ય, પરમપ્રેમ, પરમજ્ઞાન, પરમસત્ય દીપી નીકળેછે અને તે આ જગતને પોતારૂપ સમજી પોતાના નિર્વાણને બાજુએ મૂકી, જગતના જીવોનું હિત કરવાને માટે बहुजनहिताय દુનિયાના કોઇ ભાગમાં રહેછે. તેનાપર પુનર્જન્મનો કાયદો લાગુ પડતો નથી તે સઘળા કર્મોથી મુક્ત હોઈ, ચાહે ત્યાં જન્મ લઇ શકેછે, અથવા ગતિ કરી શકેછે. તે સદા સર્વદા મુક્ત છે કારણ કે મોક્ષ કાંઈ આકાશના કોઇ ભાગમાં અથવા પાતાલના અંદરના પડદામાં નથી, પણ જગતના કર્મબંધનથી તદ્દન મુક્ત થવું તેજ ખરો મોક્ષ છે.

આ સ્થિતિએ પહોંચેલા મહાત્માઓના પણ બે વર્ગ પડેછે. એક વર્ગ આવી મોક્ષ સ્થિતિએ પહોંચ્યા પછી સ્થૂલ શરીર ધારણ કરતો નથી, પણ માત્ર મહાકારણ દેહથીજ રહેછે અને દુનીયાના જીવોને તદ્દન અદ્દૃશ્ય રીતે સહાય કરેછે. આ વર્ગ વિદેહમુક્ત મહાત્માના નામથી ઓળખાયછે. બીજો વર્ગ દેહધારી છે. તે સ્થૂલ શરીર રાખેછે અને કોઈ પવિત્ર સ્થાનમાં રહી જગતને તેના ઉન્નતિક્રમમાં આગળ વધવામાં મદદ કરેછે. આ વર્ગને જીવનમુક્ત મહાત્માની સંજ્ઞા આપવામાં આવેછે. જીવનમુક્ત મહાત્માઓમાં પણ બે ભેદ છે. તેઓમાંનો એક ભાગ દુનીયાના અધિકારી જીવોને પોતાના શિષ્ય તરીકે સ્વીકારેછે અને વિકાસક્રમના વિકટ, પણ ટૂંકા માર્ગે મુસાફરી કરવામાં અનુભવી નેતા-ગુરૂ-નું કામ કરેછે. અને શિષ્યને મોક્ષ શિખરે પહોંચાડેછે. જગતનો સાધારણ ઉન્નતિક્રમ એક ઉંચી ટેકરીપર થોડે થોડે ઉંચે જતા ગોળ રસ્તાનો માફક ગતિ કરેછે. જ્યારે આ ગુરૂપરંપરાનો માર્ગ

ટેકરીપર જતા સીધાસટ રસ્તાની માફક છે. આ માર્ગ ઘણો ટૂંકો છે, પરંતુ ઘણો સાંકડો, અને ઘણો મૂશ્કેલ છે. કઠોપનિષદમાં કહ્યું છે કેઃ—

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।
क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयो वदन्ति ॥

"ઉઠ! ઉભો થા! જાગ્રત થા! કોઈ ગુરૂને શરણે જઇ તેમની પાસેથી વિદ્યા પ્રાપ્ત કર! આ રસ્તો, નહિ ઓળંગી શકાય તેવી બારીક ધારવાળી તરવારોથી છવાયેલો છે, રસ્તો ઘણો કઠીન છે એમ ત્રીકાલ દર્શી પુરૂષો પણ કહી ગયા છે." જીવનમુક્ત મહાત્માઓનો એક ભાગ શિષ્યમંડળને આવે રસ્તે નિર્વિઘ્ને વહન કરાવવા માટે જગતમાં રહેલો છે.

જીવનમુક્તપુરૂષોનો બીજો ભાગ જે ઉપર મુજબ શિષ્યોને સહાય કરવાનું કામ માથે ઉઠાવતો નથી તે જગતના કોઈ અન્ય આધ્યાત્મિક અધિકારીનું કામ કરેછે. આ ભાગ માટે આગળ થોડું વિવેચન કરવામાં આવશે.

ફરીથી ટુંકામાં કહીએ તો જે જીવ મનુષ્ય દેહમાં છે, જેણે પોતાનો આત્મવિકાસ—પોતાની ઉન્નતિ—આ બ્રહ્માંડમાં થઇ શકે તેટલી કરેલીછે, જેને અખિલ બ્રહ્માંડમાં કંઇ જાણવું બાકી રહ્યું નથી, અને જે જીવાત્મા અહંભાવનો ત્યાગ કરી માત્ર લોક હિતનેજ અર્થે આ લોકમાં રહેલો છે તે મહાત્મા.

મહાત્મા કોણ છે?

ગુરૂપરંપરાના માર્ગપર પાંચમી દીક્ષા તે મહાત્મા પદ છે. સંન્યાસની ચાર દીક્ષાઓઃ—(૧) કૂટીચક (૨) બહૂદક (૩) હંસ (૪) પરમહંસ, એ શિષ્યપદની છે. જ્યારે મનુષ્ય તૂર્યાતીત અથવા જીવનમુક્તની પાંચમી દીક્ષા લેછે ત્યારે તે પૂર્ણપુરૂષ અથવા મહાત્મા કહેવાયછે. પ્રથમની ચાર દીક્ષાની અંદરનો મનુષ્ય, મોટે ભાગે જગતની અંદર રહી તેના ગુરૂદેવની આજ્ઞા અનુસાર જનસેવાનું કાર્ય કરેછે.

જગતના ઉત્ક્રાન્તિક્રમમાં કોઇ વખત એવો પણ આવેછે કે જ્યારે શિષ્યપદની ચાર પૈકી કોઇ પણ દીક્ષાવાળા લોકો, મહાત્માઓ અને તેથી પણ ઉંચી દીક્ષા પ્રાપ્ત કરેલા મહાન્પુરૂષો દુનીયાના કામોમાં જાહેર રીતે ભાગ લેછે. વખતે કોઈપણ મહાત્મા પોતાના શિષ્યના સ્થૂલદેહનો પણ ઉપયોગ કરેછે. જેમ પરશુરામના શરીરનો, અમૂક વર્ષો સુધી ભગવાન્ વિષ્ણુએ ઉપયોગ કર્યો હતો, જેમ ભગવાન્ ક્રાઇસ્ટે જીસસના શરીરનો તેના જીવનનાં છેલાં ત્રણ વર્ષ ઉપયોગ કર્યો હતો, તેવી રીતે કોઇ વખત કોઈ મહાન પુરૂષ કોઈ પવિત્ર શિષ્યના દેહનો અંગીકાર કરી થોડા વર્ષ જગતમાં રહી જાયછે. આવા સમય સિવાય મહાત્મા પુરૂષો કોઇ પવિત્ર એકાન્ત સ્થાનમાં વાસ કરેછે અને ત્યાં રહી જગતનું કલ્યાણ યોજેછે, પોતાની અધ્યાત્મ શક્તિથી સર્વે જીવોને સહાય કરેછે. ભગવાન્ શંકરાચાર્ય કહે છે કે:—

शान्ता महान्तो निवसन्ति सन्तो
वसन्तवल्लोकहितं चरन्तः ।
तीर्णाः स्वयं भीमभवार्णवं जना-
नहेतुनान्यानपि तारयन्तः ॥

"વસન્તઋતુની માફક લોકહિત કરતા, શાન્તિને પામેલા મહાત્માઓ, જેઓ આ ભયંકર સંસાર સમુદ્રને તરી ગયા છે તેઓ પોતાના સ્વાર્થનો કોઇ પણ હેતુ નહિ હોવા છતાં, બીજા જીવોને આ સંસાર સમુદ્રમાંથી તારવા માટે (જગતમાં) વિચરી રહ્યા-છે-વસેછે." ભાગવતપુરાણના છઠ્ઠા સ્કંધના પંદરમા અધ્યાયમાં તો કેટલાક જીવનમુક્ત મહાત્માઓના નામ પણ આપેલા છે. અને તે નામો ગણાવ્યા પછી કહેલું છે કે:—

एते परे च सिद्धेशाश्चरन्ति ज्ञानहेतवः ॥

"આ ઉપરાંત બીજા પણ ઘણા સિદ્ધેશો-મહાત્માઓ-જીવોને જ્ઞાન આપવાના હેતુથી જગતમાં રહેલા છે."

હિંદુધર્મ ઉપરાંત બીજા કેટલાક ધર્મોમાં પણ મહાત્મા અથવા જીવનમુક્ત પુરૂષો સંબંધી કેટલાક પ્રમાણો છે, એમ કેટલાક અભ્યાસીઓ કહેછે.

થીઓસોફીકલ સોસાઇટીની સાથે સંબંધ ધરાવતા અથવા સોસાઇટીના અમુક અમુક સભાસદોના સંબંધમાં આવેલા પૈકી નીચે મૂજબ મહાન્ પુરૂષો આજે આ દુનીયામાં સ્થૂલ શરીરથી રહેલા છેઃ—

(૧) મહાત્મા "મોરીયા" કે જે રજપુત શરીરમાં છે અને જેને થીઓસોફીકલ સાહિત્યમાં મહાત્મા "એમ."ની સંજ્ઞાથી ઓળખવામાં આવેછે, તેઓશ્રી મેડમ બ્લેવેટસ્કી અને કર્નલ ઓલકોટ બંનેના ગુરૂ છે. મહાત્મા "એમ." ઇ. સ. ૧૮૫૧ માં લંડનમાં મેડમ બ્લેવેટસ્કીને મળ્યા હતા. (૨) મહાત્મા "કુથહુમી" કે જે કાશ્મીરી બ્રાહ્મણ શરીરમાં છે. તેમને થીઓસોફીકલ સાહિત્યમાં મહાત્મા "કે. એચ." ની સંજ્ઞાથી ઓળખવામાં આવેછે. તેમના કેટલાક પત્રો, "પાયોનીયર" પત્રના એક વખતના તંત્રી મી. એ. પી. સીનેટનાપર આવેલા હતા. અને તે મી. સીનેટના "ઑકલ્ટ વર્લ્ડ" નામના પુસ્તકમાં પ્રગટ થયા છે.

આ બંને મહાત્માની આજ્ઞાથી મેડમ બ્લેવેટસ્કી અને કર્નલ ઑલકોટે ઈ. સ. ૧૮૭૫ ના નવેમ્બરની તા. ૧૭ મીએ આ થીઓસોફીકલ સોસાઈટી સ્થાપી હતી અને ત્યારથી આ બંને મહાત્મા આ સોસાઇટીની સાથે અધ્યાત્મ રીતે હમેશને માટે સંબંધ ધરાવતા આવેછે. અને તેઓશ્રીનાજ આશીર્વાદના પ્રબળ પ્રતાપથી આ સોસાઇટી ગમેતેવા ભયંકર સંકટમાંથી પસાર થઇ ગઇ છે. અને ગમેતેટલી અને ગમેતે જાતની વિરૂદ્ધતાને પણ નિષ્ફળ કરી શકીછે, કરેછે અને કરશે.

સોસાઇટીની બાલ્યાવસ્થાના દીવસોમાં મી. દામોદર કે. માવલણકર નામના બ્રાહ્મણ યુવાન્ હિમાલયમાં ગયેલા છે. તે હમણા તેમના ગુરૂ મહાત્મા "કુથહુમી"ના આશ્રમમાં છે. તેમને ગયે

આશરે પચીશથી સત્તાવીશ વર્ષ થઈ ગયાં છે. તેથી તેમના સગાં-સંબંધીઓ તો તેમને મરી ગયેલા સમજેછે. પરંતુ તે થોડા વર્ષમાં પાછા હિંદુસ્થાનમાં આવશે અને સોસાઇટીના કાર્યમાં ઘણો સારો ભાગ લેશે એમ કેટલાક આગળ વધેલા સભાસદોનું માનવું છે. તેમના પાછા આવવાથી મહાત્માના અસ્તિત્વનો ખરેખરો પૂરાવો જગતને મળશે. (૩) ખ્રીસ્તી ધર્મના સ્થાપક મહાત્મા "જીસસ્" પણ હાલમાં સીરીઅન શરીરમાં છે. તેમણે જીસસ્ તરીકે પોતાના આયુષ્યનાં છેલાં ત્રણ વર્ષ સૂધી, પોતાનાથી ઘણી ઉંચી પદ્ધીના મહાત્માને પોતાનું શરીર આપેલું હતું. આ મહાત્મા હજી પણ અધ્યાત્મ રીતે ખ્રીસ્તી ધર્મને સહાય કરી રહ્યા છે અને યોગ્ય તક મળતાં પાછા જગત્‌માં જાહેર કાર્ય કરવાની તૈયારીમાં છે. (૪) મહાત્મા "હીલેરીઓન" કે જે ન્યુઓપ્લેટોનીક દર્શનમાં લેમ્બ્લીકસના નામથી જાણીતા છે. તે પણ ક્રેટન શરીરમાં છે. તેમણે મેડમ બ્લેવેટસ્કીદ્વારા "વોઇસ ઑફ્ ધી સાઇલેન્સ" અને મેબલ કોલીન્સ દ્વારા "લાઇટ ઓન ધી પાથ" નામનાં મનન કરવા-લાયક અતી ઉત્તમ પુસ્તકો જગત્‌ને આપેલાં છે. "વોઈસ ઑફ્ ધી સાઇલેન્સ" નું પદ્યાત્મક ગદ્ય આ મહાત્માની કલમને આભારી છે. આ મહાત્મા પણ થોડા વર્ષ પછીના નવયુગ–નવીન જમાનાના –નવીન સુધારામાં જાહેર રીતે ભાગ લેશે.

(૫) મહાત્મા "કૌન્ટ સેંટ જ્યેર્મેન." રાકોઝી રાજ્ય કુટુંબના આ છેલા પુરૂષ છે. તેને થીઓસોફીકલ સાહિત્યમાં કોઈ વખતે "હંગેરીઅન મહાત્મા"ના નામથી ઓળખવામાં આવેછે. આ મહાત્મા તેમની શિષ્યાસ્થીતિમાં જુદા જુદા સૈકામાં જુદા જુદા દેહ અને નામથી જગત્‌માં રહેલા છે. ચૌદમા સૈકામાં રોઝેનક્રેંઝ, પંદરમા સૈકામાં હુનયાડી જેનોસ, સોળમા સૈકામાં પાદરી રોબર્ટસ્, સતરમા સૈકામાં લોર્ડ બેકન, અને અઢારમા સૈકામાં કૌન્ટ સેંટ-જ્યેર્મેન તરીકે યુરોપના ઇતિહાસમાં પ્રખ્યાત થયેલા છે. તેઓશ્રી હાલમાં મહાત્માની પદ્વીએ પહોંચેલા છે અને આખા યુરોપના અધ્યાત્મિક સૂકાની છે.

(૬) મહાત્મા "વેનીશીઅન". તેઓ શ્રીએ કર્નલ ઓલકોટને થોડો વખત અધ્યાત્મિક શિક્ષણ આપેલું હતું. "વેનીશીઅન" એ તેમનું ખરૂં નામ નથી માત્ર જે સ્થળનું તેમનું શરીર છે તે સ્થળના નામ-પરથી તેમને "વેનીશીઅન" કહેવામાં આવેછે.

(૭) મહાત્મા "સીરેપીસ" આ મહાત્માએ પણ થોડો વખત કર્નલનું ગુરૂકૃત કરેલું હતું.

(૮) એક મહાત્મા હિંદુ શરીરમાં છે. તેઓ શ્રી મદ્રાસથી આશરે એંશી માઇલ દૂર, નીલગીરી પહાડમાં આવેલા પોતાના આશ્રમમાં રહેછે. તેમને થીઓસોફીક સાહિત્યમાં કોઇ સ્થળે "તીરૂવેલમના વૃદ્ધ ગૃહસ્થ"ની સંજ્ઞા મેડમ બ્લેવેટસ્કીએ આપેલી છે.

આ મહાત્માના દર્શનાર્થે મર્હુમ મી. ટી. સુબારાવ અને મી. લેડબીટર તેમના આશ્રમમાં ગયા હતા. આ મહાત્માના આશીર્વાદનો વર્ષાદ આપણી ભારતભૂમીપર હમેશાં વર્ષી રહયોછે. આ મહાત્માને રસાયણ શાસ્ત્ર અને ખગોળ વિદ્યાનો ઘણો શોખ છે. તેઓ પોતાના આશ્રમમાં બેઠાં આ બદલાતી દુનીયાઉપર દૃષ્ટિ નાંખી રહ્યાછે. અને કુદરતની શક્તિઓને હિંદુસ્થાનના ઉજ્વલ ભવિષ્ય માટે યોજી રહ્યા છે.

આ સીવાય બીજા પણ કેટલાક મહાન્ પુરૂષો જુદા જુદા દેશમ જુદી જુદી જાતના શરીરમાં રહેલા છે. તેઓ હાલના જમાનામાં કોઇ પણ રીતે જાહેરાતમાં આવ્યા નથી. આ સઘળા મહાત્માઓ યોગ્ય સમયની રાહ જોતા પોતાનું કાર્ય ગુપ્તપણે કરી રહ્યાછે અને આપણી આ વીશમી સદી પૂરી થશે તે પહેલાં પોતાની હૈયાતીની ખાત્રી જગતને કરી આપશે, અને જનસમાજના કલ્યાણના કામો વધારે પ્રસિદ્ધ રીતે કરશે.

અત્રે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે મહાન પુરૂષો માત્ર અમૂક દેશમાં, અમૂક ધર્મમાં અમૂક જાતીનાજ શરીરમાં હોવા જોઇએ એમ ધારવું ભૂલ ભરેલું છે. કારણ કે મહાત્માની દૃષ્ટિથી આ આખુ જગત પોતાના કુટુંબરૂપ છે, એથી જે દેશમાં, જે

જાતીમાં, જે ધર્મમાં તેની સહાયની જરૂર હોય અથવા અમૂક જાતમાં જન્મ લેવાથી જનસમાજની સેવા વધારે સહેલાયથી અને વધારે સારી રીતે થઇ શકશે એમ લાગે ત્યાં તે સ્થૂલશરીર ધારણ કરે છે—પોતાની ઇચ્છાથી જન્મે છે.

વળી "મહાત્માઓ પ્રાચીન કાળમાં થઈ ગયા, હવે જગતમાં તેવા મહાત્મા હોય નહિ" એમ માનવું તે પણ માત્ર અજ્ઞાનજનક જ છે. કારણ કે આગળ આપણે જોયું તેમ "મહાત્મા" એ વિકાસક્રમની એક ઉંચસ્થિતિ છે. વિકાસક્રમ હમેશાં ચાલુજ છે. પ્રાચીન કાલમાં મનુષ્ય જાતી તદ્દન બાળક અવસ્થામાં હતી તેથી ગત કલ્પમાં મહાત્માની સ્થિતિએ પહોચેલા મહાત્માઓ આપણી મનુષ્ય જાતીમાં જન્મી સહાય કરતા હતા. આવા મહાત્માઓ પૈકી હજી પણ થોડા મહાત્માઓ આ જગતમાં વાસ કરી રહયા છે. પરંતુ હાલમાં આપણી મનુષ્ય જાતી પણ એવી સ્થિતિએ પહોંચી છે કે જેથી તે પણ પોતામાંથી થોડા મહાત્માઓ ઉત્પન્ન કર્યા છે, કરે છે અને ભવિષ્યમાં વધારે ઉત્પન્ન કરશે. કેમ કે જેમ જીવોના જન્મો વારંવાર થાય છે તેમ તેઓનો અનુભવ વધતો જાયછે, જ્ઞાન, ઈચ્છા અને ક્રિયા શક્તિઓ ખીલતી જાય છે. માટે ભૂતકાળમાં મહાત્માઓ હતા, હજી પણ છે અને ભવિષ્યમાં જગતના કલ્યાણાર્થે હશેજ.

હમણાનો જમાનો એવો છે કે જ્યારે આ સઘળું લખાણ ઘણા લોકોને વહેમરૂપ લાગશે. પરંતુ યોગ્ય વખતે સત્યનો જય થશે અને હાલમાં જણાતું 'અસંભવિતપણું' પરમાત્માની કૃપાથી, આ વીશમી સદી પૂરી થતાં, અથવા, પૂરી થયા પહેલાં, તદ્દન 'સંભવિત' થઇ જશે.

મહાત્માઓનાં નિવાસસ્થાન

દુનીયાનાં જુદા જુદા પવિત્ર સ્થાનોમાં તેઓનાં નિવાસસ્થાન છે. મહાત્મા "**મોરીયા**" અને મહાત્મા "**કુથહુમી**" ટીબેટમાં શીગાત્સે શહેરની પાસેના હિમાલયના પ્રદેશમાં રહેછે.

મહાત્મા જીસસ મોટે ભાગે એશીયા માઇનરમાં આવેલા લેબેનન પર્વતમાં વાસ કરેછે. મહાત્મા "હીલેરીઓન" ઇજીપ્તમાં છે. મહાત્મા "રાકોક્ઝી" ઉર્ફે "કોન્ટ-સેન્ટ-જર્મેન્" યુરોપના હંગેરી-દેશમાં રહેછે પરંતુ ઘણા દેશોમાં મુસાફરી કરેછે. મહાત્મા "વેનીશીઅન" અને "સીરેપીસ"નાં નિવાસ સ્થાનો ક્યાં છે તે જણાયું નથી. પરંતુ જેઓ પોતાનું સ્થૂલ શરીર પોતાની ઈચ્છાથી બાજુએ મૂકી સૂક્ષ્મ શરીરદ્વારા ગમનાગમન કરી શકેછે તેઓને માટે નિવાસસ્થાનોની કંઈ વધારે ગણના નથી. નિવાસસ્થાનો માત્ર સ્થૂલ શરીરને માટે છે. અને સ્થૂલ શરીરને તો મહાન યોગીઓ એક કપડાની માફક પહેરે અથવા ઉતારેછે. એથી તેઓને માટે "ક્યાં રહે છે"? એ પ્રશ્નજ રહેતો નથી જ્યાં આગળ જગતનું કલ્યાણ કરવાનું હોય ત્યાં આગળ કાર્ય કરવા તેઓ શક્તિમાન છે.

મહાત્મા પુરૂષો શું કરે છે ?

જેમ બાળક કે જે તુરતનું જન્મેલું છે તેને હાથ, પગ, મોં, આંખો, કાન, નાક, જીવ, ચામડી બધું છે, છતાં, તે, એમાંના એકનો પણ પોતાની ઇચ્છાથી ઉપયોગ કરી શકતું નથી. માત્ર અજાણપણે મોંનો ઉપયોગ કરે છે. પરંતુ જ્યારે તે બાળક મોટું થાયછે; ત્યારે આ સઘળી ઇંદ્રીયોને રફતે રફતે ખીલવેછે અને પછી તે સઘળી ઈંદ્રિયોથી પોતાની ઈચ્છાનુસાર કામ કરી શકેછે; અને જુદી જુદી ઈંદ્રિયોથી જુદા જુદા કુદરતના તત્વોની સાથે સંબંધમાં આવી શકે છે; દાખલા તરીકે નાંકથી ગંધ લઈ પૃથ્વીનો ગુણ સમજેછે; જીભથી રસનો સ્વાદ લઇ પાણીની પરીક્ષા કરી શકેછે; આંખથી અગ્નિ તત્વના સંબંધમાં આવેછે; ચામડીથી વાયુની ગતિ સમજી શકેછે, અને કાનથી આકાશની શબ્દશક્તિનો અનુભવ કરેછે; જેમ બાળક મોટું થતાં આ સઘળી ઇંદ્રિયોથી કુદરતના કેટલાંક તત્વોનો અનુભવ લઈ શકેછે તથા જો ચાહે તો દરેક ઇંદ્રિયથી ઘણું સારૂં કામ કરી શકેછે, તેવીજ રીતે મહાત્મા પણ પોતા નાં શરીર, પ્રાણ

વાસના, અસન્મન, સન્મન, બુદ્ધિ અને આત્મા એ સાતે તત્ત્વોને ખીલવી તે તત્ત્વોદ્વારા સાતે લોકોનાપર કામ કરી શકેછે. સામાન્ય માણુસ જેમ પાંચ ઈંદ્રિયોથી પાંચ તત્વની સાથે સંબંધમાં આવેછે તેમ મહાત્મા પુરૂષ પોતાના સાતે તત્ત્વો શુદ્ધ કરી, સાતે લોકોના સંબંધમાં આવેછે. અને સાત લોક પૈકી કોઇપણ લોકમાં જીવ સેવા અને ઇશ્વરીકાર્ય કરવાને શક્તિમાન્ છે. એટલા માટે છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહેલું છે કે स स्वराड् भवति तस्य सर्वेषु लोकेषु कामचारो भवति । "તે પોતેજ મોટો રાજા (સ્વરાટ્) બની જાય છે તે સઘળા લોકોમાં પોતાની ઇચ્છાનુસાર જઇ શકેછે."

આવી તેઓની શક્તિ હોવાથી તેઓ મનુષ્ય જાતીના વિકાસક્રમને હજારો રીતે સહાય કરેછે (૧) તેઓ પોતાના આત્માદ્વારા સર્વે જીવોના આત્માઓ ઉપર આત્મશક્તિ-પરમાત્મશક્તિનો વર્ષાદ વર્ષાવેછે, અને જીવોની ઉંઘતી શક્તિને જાગ્રત કરેછે. જેમ સૂર્યની અંદર શરીરને માટે જીવન શક્તિ સઘળાં પ્રાણીઓને મળે છે તેમ આ મહાત્મા મંડળ–સિદ્ધસંઘ (White Lodge) તરફથી સઘળા પ્રાણીઓને પોતાના આત્મા માટે અધ્યાત્મશક્તિ મળેછે. આ શક્તિ જેઓ સજ્ઞાનપણે પોતાનામાં લેછે તેઓનું આત્મબળ ઘણું વધતું જાયછે, હમેશાં સત્યપરાયણ થતા જાયછે અને સત્યને ખાતર ગમે તે ભોગ આપતાં કદી પાછી પાની કરતા નથી.

(૨) જે મહાત્માઓએ અમુક ધર્મ કોઈપણ જન્મમાં સ્થાપેલો હોયછે, અથવા અમુક ધર્મની દેખરેખ પોતે સ્વીકારી હોયછે તેઓ તે ધર્મમાં પોતાની જ્ઞાન શક્તિનું વહન કરેછે અને તે તે ધર્મના ભાવિક લોકોને અદૃશ્ય રીતે સહાય કરેછે. તે તે ધર્મને સજીવન રાખવા, તેમાંથી અજ્ઞાન, વહેમ અને ધર્માંધપણુ દૂર કરવા પ્રયત્ન કરેછે. આ પ્રમાણે પોતાના બુદ્ધિતત્ત્વથી જગતના ધર્મો, ધાર્મિક સંસ્થાઓ અને ધાર્મિક જીવોને તેઓ મદદ કરેછે.

(૩) તેઓ પોતાના સન્મનથી ઉંચ વિચારો, ઉંચ ભાવનાઓ, ઉમદા પ્રકારની સ્ફુરણાઓ જગતમાં મોકલ્યા કરેછે. આ ઉંચ

ભાવનાઓ અને વિચારોને જગતના સત્યશોધક વિજ્ઞાન શાસ્ત્રીઓ, તત્ત્વવેત્તાઓ, પરમાર્થી વક્તાઓ અને લેખકો, અને જન સમાજના નિસ્વાર્થી નેતાઓ વારંવાર અજાણ્ અથવા સજાણ્ પણે ગ્રહણ કરેછે અને જન સેવામાં તેઓનો ઉપયોગ કરેછે. સીવાય તેઓ પોતાના આ સન્મનથી પોતાના શિષ્યોને પણ પોતાના સંદેશા મોકલાવેછે અને વખતે અમુક કામ હાથમાં લેવાનો આજ્ઞા કરેછે સ્થૂલ શરીરથી ગમે તેટલે દૂર હોવા છતાં પણ આ તત્ત્વથી તેઓ પોતાનો સંદેશો પોતાના શિષ્યમંડળને પહોંચાડી શકેછે. આવી શક્તિ સાધારણ રીતે દરેક મનુષ્યમાં રહેલી છે. પરંતુ મહાત્મા પુરૂષોમાં તે સર્વાંશે ખીલેલી હોયછે તેથી તેઓ તેનો ઘણીજ સહેલાઇથી ઉપયોગ કરેછે. આ શક્તિને આજના માનસશાસ્ત્રીઓ (Psychologists) વિચારના સંદેશા (Telepathy) ના નામથી ઓળખે છે. ગમે તે નામથી દુનીયા આ શક્તિને ઓળખે પરંતુ એટલું તો આજે વિદ્વાન્ લોકો કબૂલ કરે છે કે આવા માનસિક સંદેશા ગમે તેટલે દૂર મોકલી શકાયછે. જ્યારે થોડો આગળ વધેલો અથવા તો દૃઢ સંકલ્પ શક્તિવાલો માણસ જો આવા પ્રયોગો કરી શકે તો પછી મહાત્માની સ્થિતિએ પહોંચેલા પુરૂષો કે જેઓએ નિર્વાણ પ્રાપ્ત કરેલું છે, જેઓ એ પરમાત્મા સાથની એકયતા મેળવી છે તેઓમાં આ શક્તિ ઘણી ઉંચા પ્રકારની હોય તેમાં અસંભવિતપણું કંઇ નથી.

(૪) અસન્મનથી તેઓ વિચારરૂપો (Thought-forms) ઉત્પન્ન કરી સામાન્ય મનુષ્ય જાતીને તથા સ્વર્ગલોકમાં વસતા જીવોને મદદ કરેછે. તેઓના શુભ વિચારો જગતના માનસિક વાતાવરણમાં તરેછે અને જેઓ પોતાના મનને વશ કરી, વિચાર શુધ્ધિ કરવા પ્રયત્ન કરેછે તેઓને આ વિચાર સત્વો (Thought forms) સહાય કરેછે. આ પ્રમાણે તેઓ જગતના માનસિક વાતાવરણમાં હમેશાં શુભ વિચારો વધારતા જાયછે અને તેમ કરી સામાન્ય માનસિક સ્થિતિના જીવોને આગળ વધવામાં અદૃશ્યપણે સહાય આપેછે.

(૫) પોતાની શુભેચ્છાઓથી તેઓ જગતના વાસના તત્ત્વને સુધારેછે. તેઓ પોતાના વાસના શરીરથી પ્રેત લોકમાં ગયેલા જીવોને મદદ કરેછે તથા અધ્યાત્મવિદ્યાની શરૂઆત કરતા શિષ્યોને તેઓ જ્યારે રાત્રીના પોતાના સ્થૂલ દેહથી જુદા પડેછે ત્યારે, શિક્ષણ આપેછે. તેઓ પોતાના ખીલેલા સદ્‌ગુણોથી જગતના દુર્ગુણોનો જથ્થો રફતે રફતે ઓછો કરેછે.

(૬) સ્થૂલ શરીરથી તેઓ સ્થૂલ જગતમાં બનતા બનાવો, ઉત્પન્ન થતા ફેરફારો, અને અકસ્માતોનું નિરીક્ષણ કરેછે, આસુરી પ્રવાહો ઓછા કરેછે અને દૈવી પ્રવાહને મજબુતી આપેછે, કર્મના નિયમનો ભંગ કર્યા સીવાય જગતના અનિષ્ટ બનાવો બદલવા અથવા દાબી દેવામાં જેટલી સહાય કરી શકાય તેટલી કર્યા કરેછે.

(૭) અગાઉ જણાવેલા જીવનમુક્ત પુરૂષોનો જે ભાગ વધારે ભાગે શિષ્યોને શિક્ષણ આપતો નથી તે ભાગના મહાન્ પુરૂષો મોટે ભાગે અમૂક દેશ અથવા અમૂક ખંડના રક્ષકનું કામ કરેછે. તે દેશ અથવા ખંડના કર્મદેવતાઓની સાથે કામ કરેછે અને તે દેશ અથવા ખંડમાં આધ્યાત્મિક શક્તિ પૂરી પાડી ત્યાંના ધાર્મિક રાજદ્વારીક, અને સંસાર સુધારક, નેતાઓને શુભ પ્રેરણાઓદ્વારા અદૃશ્ય રીતે સહાય કરેછે. આ કોટીના મહાન્ પુરૂષો પ્રજાઓના અન્યોઅન્ય કર્મો, પ્રજાની ચડતી પડતી, અને પ્રજાકીય બાબતોમાં ખાસ ભાગ લેછે અને દરેક પ્રજાને આગળ વધારવા માટે શુભ પ્રયત્નો કરેછે.

ટુંકમાં મહાત્મા પુરૂષોની દૃષ્ટિથી આ આખુ જગત્ એક મોટા કુટુંબરૂપ છે. અને તેઓ એ મોટા કુટુંબના વડીલ બંધુઓ છે તેથી અજ્ઞાન મનુષ્ય જાતી તેઓને માને અથવા ન માને, તોપણ તેઓ તેને પોતાના બાળક બંધુની માફક સહાય કર્યા કરેછે, અને તેમ કરવામાં પોતાનાં સઘળાં શરીરો અને સઘળાં તત્ત્વોનો ઉપયોગ કરેછે. આ ઉપરાંત તેઓ કુદરતના જુદા જુદા ભુવનો ઉપર પણ ઇશ્વરી વસ્તુસંકળના પાર ઉતારવામાં રોકાયેલા હોયછે. ઉપર

જણાવેલો કાર્યક્રમ તેઓના કામનો માત્ર યત્કિંચિત્ અંશ છે. તેઓની કાર્યશક્તિ કેટલી છે? તેઓ કેટલું કામ સદા સર્વદા કરી રહ્યા છે? તેઓના સંબંધમાં આવેલા શિષ્યો પણ પૂરે પૂરું જાણી શકતા નથી, તો પછી, તે, આપણા સાધારણ જનસમાજની કલ્પનામાં પણ ન આવે તે તદન સ્વાભાવિક છે.

જગતના જુદા જુદા દેશમાં, જુદી જુદી જાતીમાં, જુદા જુદા ધર્મના શરીરમાં વસતા મહાત્માઓ કોઇ એક પ્રબળ શક્તિ બ્રહ્માત્માની ઇચ્છા અનુસાર કાર્ય કરેછે. અને તેઓ સઘળા વચ્ચે કોઇપણ જાતનો રૂપ, રંગ, જાતી કે ધર્મનો ભેદ નથી આ આખો સિધ્ધસંઘ (White Lodge) મનુષ્ય જાતીના બચાવ માટે એક અતિ મજબૂત કીલ્લાનું કામ કરેછે, અને આખી મનુષ્ય જાતીને ઘણી વખત પ્રલય જેવા સંકટમાંથી ઉગારેછે. આ બ્રહ્માંડમાં કેટલીક એવી પ્રબળ શક્તિઓ છે કે જેની સામે આખી મનુષ્ય જાતી કંઈ પણ બચાવ કરી શકે તેમ નથી. આવી શક્તિઓને તેઓ યોગ્ય માર્ગે વહન કરાવી જગતનો બચાવ કરી રહ્યા છે.

જગતમાં નવીન પ્રકારનો સુધારો પ્રસારવા માટે, અથવા નવીન પ્રજા ઉત્પન્ન કરવા માટે, અધર્મ વધી ગયો હોય તો તેનો નાશ કરી ધર્મ પ્રસારવા માટે અથવા મનુષ્ય જાતીને કોઈ ઉગ્ર સંકટમાંથી બચાવી લેવા માટે આ મહાત્મા મંડળના એક અથવા વધારે મહાન્ પુરૂષો જગતમાં ઉતરી આવેછે. વખતે કોઈ સ્થળે જન્મ લેછે અથવા કોઈ પવિત્ર શિષ્યના શરીરમાં પ્રવેશ કરી આવેશાવ-

તારની માફક કાર્ય કરી જાય છે. શ્રીકૃષ્ણ, ભગવાન્ બુધ, ભગવાન શંકરાચાર્ય અશો જરથોસ્ત સાહેબ, મહાત્મા જીસસ, પેયગંબર હજરત્ મહમદ, શ્રીરામાનુજાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય વીગેરે વીગેરે મહાત્માઓના સમય, શિક્ષણ અને તેઓને પડેલા ત્રાસનો ઇતિહાસ જો આપણે વાંચીશું તો ઉપરની બાબત આપણને વધારે સમજાશે.

મહાત્મામાં માન્યતા અને તેના દર્શન

આ માન્યતા વહેમરૂપ નથી પણ પુનર્જન્મ, કર્મ અને વિકાસક્રમના નિયમના ફળ રૂપ છે. જો કોઈ પણ માણસ કોઇ પણ જીવનમુક્ત પુરૂષના સંબંધમાં આવવા ખરેખરો આતુર હોયછે, તો તેને તેમની હૈયાતીની થોડા સમયમાં ખાત્રી થાયછે. અને જો તે અમુક ઉંચ ભાવનાથી પોતાનું જીવન હમેશાં ગુજારે અને પોતાનેજ માટે નહિ જીવતાં, જગત્‌ને માટે જીવે તો તે મનુષ્ય, તે મહાત્માના સંબંધમાં આવવા અને તેનો શિષ્ય થવાને પણ ભાગ્યશાલી થાયછે. કારણ કે આવા મહાન્ પુરૂષો માત્ર જગત્‌નેજ ખાતર દેહ ધરી રહેલા છે અને જ્યારે કોઇપણ જીવ તેમના તરફ એક પગલું જાયછે ત્યારે તેને લેવા માટે તેઓ સામા દસ પગલાં આગળ આવેછે. "આવા પૂર્ણ પુરૂષોનો સાક્ષાત્કાર કેમ કરાય?" "તેઓનાં પવિત્ર દર્શન કેમ થાય?" "તેઓમાંના એક મહાત્માના શિષ્ય કેમ થવાય?" એવી જીજ્ઞાસા ધરાવનારા બંધુઓ અને બહેનો માટે **થીઓસોફીકલ કુસુમ માળા** ના કોઇ ભવિષ્યના કુસુમમાં યથાશક્તિ ઉપાયો બતાવવામાં આવશે.

મીસીસ બીસેન્ટની ભવિષ્ય વાણી

"મહાત્માઓ" એ વિષય કે જેનો આ લેખ ઘણે ભાગે અનુલેખછે. તેપર તેમણે ઇ. સ. ૧૯૧૦ માં લખેલું છે કેઃ—

"આ ચાલુ સદીમાં, માનવ જાતના ઇતિહાસમાં આવતા બારીક પ્રસંગો પૈકી એક પ્રસંગ એવો આવશે કે જે નવા સુધારાની શરૂઆતનું કેંદ્ર થશે. પૂર્વના દેશોમાં જેને બોધિસત્વ અથવા જગદ્ગુરૂ કહેવામાં આવે છે અને પશ્ચિમના દેશોમાં લોકો ક્રાઇસ્ટનું નામ આપેછે, તે લાંબા વખત પહેલાં પૃથ્વીપર ફરીથી પ્રગટ થશે અને મનુષ્યના પ્રવૃત્તિ પ્રધાન ટોળાંની અંદર ફરીથી એક વખત ફરશે. તેના કામમાં મદદ કરવા માટે અને તેના સંદેશા શિક્ષણને ચોતરફ ફેલાવવા માટે, કેટલાક મહાત્માઓ તેની સાથે (જગતમાં) આવશે. અતિ ઉતાવળથી બનતાં હાલના (વિચિત્ર) બનાવો, જનસમાજને કચરી નાંખતા, તેના પરના (અસંખ્ય) અસહ્ય બોજા, લડાઈની ધાસ્તી, રાજદ્વારી, સામાજીક અને ધાર્મિક મતોના ગોટાળા, આ સઘળી અને બીજી કેટલીક બદલાતા સમયની, જુના જમાનાના મરણની અને નવા જમાનાના જન્મની નિશાનીઓ છે. આજે જે જીવો તદન બાલ્યાવસ્થામાં છે તે જ્યારે મોટી ઉમરે પહોચશે ત્યારે તેઓની દૃષ્ટિએ આ દુનિયા ખરેખર નવીજ લાગશે, (એટલે કે તેટલા સમયમાં જમાનો બદલાય જશે) કારણ કે જુનો કહેવત ફરીથી સંભળાય રહી છે કેઃ—'જુઓ! હું એક નવી પૃથ્વી, નવું નર્ક અને નવું સ્વર્ગ ઉત્પન્ન કરૂં છું.' જુઓ! હું સઘળી વસ્તુઓને નવી બનાવું છું."—આ ઉપરનાં વચનો ઈ. સ. ૧૯૧૦ માં

લખાયાં હતાં. ચાર વર્ષમાં આપણે આ વચનોને ઘણે ભાગે સાચાં પડેલાં જોયાં છે. લડાઇની ધાસ્તી ખરી પડી છે. લોકોમાં ચારે બાજુ અશાન્તિ ફેલાયેલી છે. ઘણાં લોકો ઇશ્વરી સહાયને માટે પ્રાર્થના કરી રહયાં છે. વખત એકદમ બદલાતો જાય છે. એમ આજે દરેક વિચારશીલ પુરૂષ કબુલ કરેછે. માટે આ લેખના અન્તમાં લેખકની ખરા હૃદય પૂર્વક એજ પ્રાર્થના છે. કેઃ—હે પરમ કૃપાળુ પરમાત્મા ! પૂર્વના કે પશ્ચિમના કોઇપણ મહાપુરૂષ દ્વારા જગતને આ બારીક સમયમાં સહાય કરો ! તેને આ અસહ્ય સંકટમાંથી બચાવો !

उत्तिष्ठोत्तिष्ठ गोविंद ! उत्तिष्ठ गरुडध्वज !

उत्तिष्ठ कमलाकान्त ! त्रैलोक्यमंगलं कुरु !

। इति शम् ।





